જિલ્લામાં કોરોનાનો હાહાકાર : નવા ૧૫૦ કેસ

ગાંધીનગર તાલુકામાં ૪૬, દહેગામમાં ૪, કલોલમાં ૧૬ અને માણસામાં ૧૩ કેસ નોંધાયા : આજે સે. ૨ માં થી ૧૧ કેસ, સે. ૭ માંથી ૭ કેસ, સે. ૮, ૨૩, ૨૭, ૨૨, ૧૩, ૩૦ માંથી ૪-૪ કેસ, સે. ૧૯, ૬, ૫, ૧૪ માંથી ૩-૩ કેસ તથા સે. ૨૬, ૪, ૨૮, ૨૧ માંથી ૨-૨ કેસ અને સે. ૨૯, ૨૦ તેમજ બોરીજ ગામમાંથી એક-એક કેસ મળી આવેલ આવ્યા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનો વિકરાળ પંજો વધુ ને વધુ વિસ્તરી રહ્યો છે. જિલ્લામાં આજે કોરોનાના નવા ૧૫૦ કેસ નોંધાયા છે. જિલ્લામાં કોરોનાના કેસોએ જે ગતિ પકડી છે તેને લઈ તંત્ર આજે રજાના દિવસે પણ દોડતુ રહ્યુ હતુ.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭૯ નવા કેસ અને ગાંધીનગર શહેરમાં ૭૧ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા ખુબ ઝડપથી વધી રહી છે. ગ્રામ્ય વિસ્તારોમાં લોકોએ હવે સ્વયંભુ લોકડાઉનના નિર્ણયો લેવા માંડ્યા છે.

જિલ્લામાં આજે દહેગામ તાલુકામાં ૪, ગાંધીનગર તાલુકામાં ૪૬, કલોલમાં ૧૬, માણસામાં ૧૩ કેસ નોંધાયા છે. કલોલ-માણસામાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૩ મહિલા દર્દીઓ છે. આ ઉપરાંત ૮ ખેડૂત, ૮ વિદ્યાર્થી અને ૮ કર્મયોગી પણ સંક્રમિત થયા છે. દહેગામ તાલુકામાં ૭ વર્ષનું બાળક પણ સંક્રમિત યુ છે. ગ્રામીણ વિસ્તારોમાં બાળકો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તેમજ પરિવારો વધુ ને વધુ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નવ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આજે કુલ ૪ કોરોનાના કેસ નોંધાયા છે. જેમાં દહેગામ શહેરમાં એક પુરૂષ, દેવ મુવાડા ગામમાં એક સ્ત્રી અને સાણોદા ગામમાં બે પુરૂષને કોરોના કેસ પોઝિટીવ આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં કુલ ૪૬ કોરોના કેસ આવ્યા છે. જેમાં વાસણા હડમતીયા ગામમાં એક પુરૂષ, વાવોલ ગામમાં ૬ કોરોના કેસમાં ૪ પુરૂષ અને બે સ્ત્રીઓ, ડભોડા ગામમાં એક પુરુષ, ચંદ્રાલા ગામમાં એક યુવાન, છાલા ગામમાં ૪ કોરોના કેસમાં ત્રણ પુરૂષ અને એક સ્ત્રી, ગીયોડ ગામમાં એક યુવાન, ગીફટ સીટી, લવારપુર અને શાહપુર ગામમાં એક-એક કોરોના કેસ છે. કોલવડા ગામમાં બે પુરૂષ, અડાલજ ગામમાં ત્રણ કોરોના કેસમાં બે પુરૂષ અને એક સ્ત્રી, કુડાસણ ગામમાં પાંચ કોરોના કેસમાં ૪ પુરૂષ અને એક સ્ત્રી, રાંદેસણ ગામમાં બે પુરૂષ, રાયસણ ગામમાં ૩ કોરોના કેસમાં એક પુરૂષ અને બે સ્ત્રી, ઝુંડાલ ગામમાં એક સ્ત્રી, પેથાપુર ગામમાં ૬ કોરોના કેસમાં પાંચ પુરૂષ અને એક સ્ત્રી, ખોરજ ગામમાં એક પુરુષ, મગોડી ગામમાં બે પુરષ સરગાસણ ગામમાં એક પુરૂષ, શેરથા ગામમાં એક સ્ત્રી અને ઈસનપુર મોટા ગામમાં એક યુવાનને કોરોના કેસ પોઝિટીવ આવ્યો છે.

કલોલ તાલુકામાં કુલ ૧૬ કોરોના કેસ નોંધાયા છે. જેમાં બોરીસણા ગામમાં એક યુવાન, ધાનજ ગામમાં એક યુવાન, બિલેશ્વરપુરા ગામમાં એક પુરૂષ, પાનસર ગામમાં એક પુરૂષ, રાંચરડા ગામમાં એક પુરુષ, ધમાસણા ગામમાં એક પુરૂષ, સઈજ ગામમાં એક યુવાન, કલોલ શહેરમાં ૯ કોરોના કેસ નોંધાય છે. જેમાં ૪ પુરૂષ અને પાંચ સ્ત્રીને કોરોના કેસ પોઝિટીવ આવ્યો છે.

માણસા તાલુકામાં કુલ ૧૩ કોરોના કેસ નોંધાયા છે. જેમાં હાજીપુર ગામમાં એક પુરૂષ, ઈટાદરા ગામમાં એક મહિલા લાકરોડા ગામમાં બે પુરૂષ, માણસા શહેરમાં ૪ કોરોના કેસમાં બે પુરૂષ અને બે સ્ત્રી, મંડાલી ગામમાં ચાર કોરોના કેસમાં બે પુરૂષ અને બે સ્ત્રી તથા વ્યાસ પાલડી ગામમાં એક આધેડને કોરોના પોઝિટીવ આવ્યો છે.

(અનુસંધાન પાના નં. ૭ પર)

શહેરના મુક્તિધામ ખાતે ૩૫ કોરોના મૃતકોની અંતિમવિધી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં કોરોના કહેર મચાવી રહ્યો છે. કોરોના સંક્રમણના આંકડા દિવસને દિવસે વધતા જાય છે. રાજયમાં પણ કોરોનાના ૧૦૩૪૦ ના કેસ નોંધાયા છે.જેની સામે ૧૧૦ કોરોના મૃતકોનો જીવનદીપ બુઝાયો છે. ત્યારે પાટનગરમાં પણ કોરોના હાહાકાર મચાવતા ૧૫૦ કોરોના પોઝીટીવ નોંધાયા છે. જેમાં શહેરી વિસ્તારમાં ૭૧ અને ગ્રામ્ય વિસ્તારમાં ૭૯ કેસ સામે આવતા તંત્ર પણ ચોકી ઉઠ્યું છે. ત્યારે ગાંધીનગર મુક્તિધામ અને રૂદ્રભુમિ ખાતે કુલ ૫૩ મૃતદેહના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. જૈ પૈકી સેકટર-૩૦ મુક્તિધામ ખાતે ૩૫ કોરોના મૃતકોના અંગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા છે. રાજયના પાટનગરમાં પણ કોરોના સંક્રમણ સતત વધતા નાગરીકો ભયભીત બન્યા છે. શહેરની કોવીડ હોસ્પિટલમાં માત્ર દર્દીઓ જ નજરે પડી રહ્યા છે. જયારે દવા સાથે ઈન્જેકશનની પણ અછત હજુ કયાંક જોવા મળી રહી છે. દર્દીઓને હોસ્પિટલમાં એડમીટ થવા માટે પણ લાંબી લાઈન લાગે છે. ત્યારે કોરોના ટેસ્ટીંગનું પ્રમાણ પણ મોટી માત્રામાં વધી જવા પામ્યું છે. ત્યારે કોરોના સંક્રમણનો વ્યાપ વધતા સૌ કોઈ ચિંતિત નજરે પડી રહ્યા છે.

કોરોના સંક્રમણની બીજી લહેર ઘાતક બનતી જાય છે, સરકાર દ્વારા લોકડાઉન લાગુ કરવાનો નનૈયો ભણી દેવામાં આવ્યો છે. આ સંજોગોમાં હવે નાગરિકો સ્વયંભૂ રીતે સ્વૈચ્છિક લોકડાઉનનો વિકલ્પ અપનાવી કોરોના સંક્રમણની ચેઈન તોડવા કટિબદ્ધ બન્યાં છે. ગાંધીનગરમાં પેથાપુરના રહીશોએ વેપારીઓના સહકારથી સાંજે ૪ થી સવારના ૬ વાગ્યા સુધી સ્વૈચ્છિક લોકડાઉન અપનાવવાની પહેલ કરી છે.

શહેરના સામાજિક અને રાજકીય અગ્રણીઓ કોરોના સામેનો જંગ હારી ગયા

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં કોરોનાના વધતા કેસ સાથે વધતો મૃત્યુનો આંકડો પણ સૌ કોઈને હચમચાવી દેનારો છે. કોરોના સામેના જંગમાં નગરના સામાજિક અને વેપારી અગ્રણીઓ સાથે કર્મચારી અધિકારીઓ તેમજ વેપારીઓ પણ જીવ ગુમાવી રહ્યા છે. શહેરના વિવિધ ક્ષેત્રના ૭ અગ્રણીઓ કોરોના સામેનો જંગ હારી જતા તેમનુ નિધન થયુ છે. આગેવાનોના મૃત્યુના સમાચારથી નગરજનોમાં પણ ઘેરા શોકની લાગણી વ્યાપી છે.

ગાંધીનગરમાં સતત વધતા કોરોનાના કેસ વચ્ચે જીવ ગુમાવનાર દર્દીઓની સંખ્યા પણ વધી રહી છે. નગરના સામાજિક અને રાજકીય અગ્રણીઓ, વેપારીઓ, અધિકારી કર્મચારીઓ સહીત આમ નાગરિકો પણ કોરોના સામેનો જંગ હારી જતા વધતો મૃત્યુ આંક ઘેરી ચિંતાનુ કારણ બન્યો છે. નગરના અગ્રણીઓના મૃત્યુના સમાચાર સાંભળીને શહેરીજનો પણ આઘાત સાથે દુખની લાગણી અનુભવી રહ્યા છે. આજે પણ કાતિલ કોરોના સામે વિવિધ ક્ષેત્રના ૬ જેટલા અગ્રણીઓએ પોતનો જીવ ગુમાવ્યો છે.

શહેરના બે વેપારી અગ્રણીઓનું નિધન : શંકરસિંહ વાઘેલાના ભાઈ કનુસિંહ લક્ષ્મણસિંહ વાઘેલાનુ દુઃખદ અવસાન : વિનય ટ્રેડર્સવાળા કનુભાઈ શિવલાલ શાહ પણ કોરોના સામેનો જંગ હારી ગયા

કોરોના સામેની આ લડત હારી ગયેલા અગ્રણીઓ પૈકી પુર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના ભાઈ કનુસિંહ લક્ષ્મણસિંહ વાઘેલાનુ પણ દુખદ અવસાન થયુ છે. જયારે પુર્વ ડેપ્યુટી મેયર અને કોંગ્રેસના સિનિયર અગ્રણી યુસુફભાઈ પરમારના મોટાભાભી જેમુબીબી પરમાર કોરોના સામેનો જંગ હારી ગયા છે. આ ઉપરાંત નગરના રૂપકલા જવેલર્સના રૂપેશભાઈ અને સંજયભાઈના પિતા માણેકલાલ સોનીનું પણ કોરોનાના લીધે નિધન થતા સોની સમાજ તેમજ વેપારી અગ્રણીઓએ પણ ઘેરા શોકની લાગણી વ્યકત કરી છે. શહેરમાં જાણીતા વેપારી વિનય ટ્રેડર્સવાળા વૈષ્ણવ સમાજના અગ્રણી કનુભાઈ શિવલાલ શાહનું અવસાન થયુ છે. જયારે અશોક કુમાર શ્રોફના એકાઉન્ટન્ટ ભુપેન્દ્રભાઈ પટેલનું પણ કોરોનાના લીધે દુખદ અવસાન થતા વેપારીઓમાં દુખની લાગણી વ્યાપી છે. આ ઉપરાંત શહેર ભાજપના અગ્રણી મુકેશભાઈ જાનીના બહેન-બનેવી પણ કોરોના સામેનો જંગ હારી ચુક્યા છે. બ્રહ્મસમાજના અગ્રણી સરઢવના જિતેન્દ્ર નવિનભાઈ રાવલે પણ કોરોના સામેના જંગમાં જીવ ગુમાવ્યો છે. કાળમુખા કોરોનાના લીધે નગરના રાજકીય અને સામાજિક અગ્રણીઓ સહીત વેપારીઓ પણ જીવ ગુમાવી રહ્યા છે. ત્યારે કોરોના સંક્રમણને કાબુમાં લેવા માટે હજુ અસરકારક પગલા લેવાય તે અનિવાર્ય છે. રોજબરોજ આંખ સામે આવતા નવા કેસના આંકડા સાથે મૃત્યુનો આંક પણ સૌ કોઈને હચમચાવી જાય છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

રેમડેસિવીરના ઉપયોગ અંગે જરૂરી માર્ગદર્શન

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) કહે છે...

એવા કોઈ પ્રમાણ મળ્યા નથી કે, રેમડેસિવીરથી કોવિડના દર્દીઓનો મૃત્યુદર ઘટાડી શકાય છે, કે વેન્ટિલેટરની જરૂર ઓછી કરી શકાય છે, કે હોસ્પિટલમાં સારવારનો સમય ઓછો કરી શકાય છે. એટલું જ નહીં **રેમડેસિવીરની વાયરલ ક્લિયરન્સ પર અસર થાય છે કે નહીં તે પણ અનિશ્ચિત છે...**

AIIMS : ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ કહે છે...

કોરોનાના જે દર્દીઓને મધ્યમથી લઈને ગંભીર અસર હોય તેમના માટે જ રેમડેસિવીર વાપરી શકાય. **સામાન્ય લક્ષણોમાં રેમડેસિવીર સલાહભર્યું નથી.**

રેમડેસિવીરના ઉપયોગ અંગે તજજ્ઞ ડોક્ટર્સની શું સલાહ છે ?

કોરોનાના કોઈ જ લક્ષણો નહીં ધરાવતા કે સામાન્ય લક્ષણો ધરાવતા દર્દીઓને રેમડેસિવીર આપવું સલાહભર્યું નથી.

- જો દર્દીનું ઓક્સિજનનું પ્રમાણ ૯૪ ટકા થી ઓછું હોય ત્યારે...
- ત્રણ-ચાર દિવસની દવાઓ-સારવાર પછી પણ દર્દીને હાઈગ્રેડ તાવ રહેતો હોય અને સી-રિએક્ટિવ પ્રોટીનનું પ્રમાણ **(CRP)** વધ્યું હોય ત્યારે...
- નબળાઈ સાથે સતત ઝાડા રહેતા હોય ત્યારે...
- સામાન્ય પ્રવૃત્તિમાં પણ વધારે થાક લાગતો હોય કે શ્વાસ ચઢી જતો હોય ત્યારે...
- શ્વાસોચ્છ્વાસની ગતિ વધી જાય (પ્રતિ મિનિટ ૨૪ થી વધારે થાય તો) ત્યારે...
- ૫૦ વર્ષથી વધુ વય હોય અને કોરોનાને કારણે **CRP, d-dimer, Ferritin** વધ્યું હોય ત્યારે...
- પહેલાં **x-ray** નોર્મલ હોય પણ પછીથી ફેફસામાં **Ground-glass opacity** જણાય ત્યારે...
- લિમ્ફોપેનિયા સાથે NLR > ૩.૫ હોય ત્યારે...

ઉચિત ઔચિત્ય સાથે ખાસ કિસ્સાઓમાં ચેપીરોગોના નિષ્ણાત, શ્વસન ચિકિત્સાના નિષ્ણાત, ફિઝિશિયન (ચિકિત્સક) કે બાળરોગોના નિષ્ણાતના અભિપ્રાય પછી જ રેમડેસિવીર આપી શકાય.

" કોરોનાથી ભયભીત થઈને લોકો સામેથી રેમડેસિવીર લેવાનો આગ્રહ મહેરબાની કરીને ન રાખે "
- ડો.તેજસ પટેલ, હૃદયરોગના નિષ્ણાત

" રેમડેસિવીર એ કોઈ જીવ બચાવે એવી દવા નથી, એટલે એ દવાની પાછળ દોડધામ કરવાની જરૂર નથી. "
- ડો. અતુલ પટેલ, ચેપીરોગોના નિષ્ણાત

રેમડેસિવીર ઈન્જેક્શનનો સંગ્રહ કે કાળાબજાર કરનારા તત્વો સામે રાજ્ય સરકાર કડકમાં કડક પગલાં લેશે

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર

શહેરમાં સમાવિષ્ટ વિસ્તારોની આરોગ્ય સેવાઓ મનપાને આગામી સપ્તાહમાં સુપ્રત કરાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરની હદ વધારવાના નિર્ણયના ૯ માસ કરતા પણ વધુ સમય બાદ આ વિસ્તારોની આરોગ્ય સેવાઓ મનપા હસ્તક મુકવાનો સરકારે નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકાર દ્વારા આ અંગે વિધિવત્ નિર્ણય થઈ ગયો છે અને આગામી સપ્તાહમાં આ વિસ્તારોની આરોગ્ય સેવાઓ મનપાને હસ્તાંતરણ કરી દેવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ૧૦ જેટલા સબ સેન્ટર અને એક પી.એચ.સી.નો વિસ્તાર તેમજ પેથાપુર નગરપાલિકાના બે હેલ્થ સેન્ટરનું હસ્તાંતરણ કરવામાં આવશે. મનપા દ્વારા જ્યાં સુધી આ જગ્યાઓ પર ભરતી કરવામાં ના આવે ત્યાં સુધી અહિ ફરજ બજાવતા તમામ કર્મચારીઓ મનપામાં પ્રતિ નિયુક્તી પર ફરજ બજાવશે. જિલ્લાતંત્ર દ્વારા હસ્તાંતરણ માટેની દરખાસ્તને આખરી ઓપ આપવામાં આવી રહ્યો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાના ૧૮ ગામ અને ૧ નગરપાલિકાનો વિસ્તાર મનપામાં ભેળવાનો નિર્ણય જુન-૨૦૨૦માં કરવામાં આવ્યો હતો.

જિલ્લાતંત્ર દ્વારા આરોગ્ય સેવાઓનું રિસ્ટ્રક્ચરીંગ કરવા તેમજ સબ સેન્ટરો અન્ય વિસ્તારોમાં ખસેડી અને ત્યાં કાર્યરત કરવા માટેની કવાયત કરી પંચાયતની સામાન્ય સભા તેમજ કારોબારી સમિતિની મંજૂરી પણ મેળવી લેવામાં આવી હતી. હવે આ દિશામાં વિધિવત્ કામગીરી કરવામાં આવશે.

જિલ્લામાંથી ૮૦ થી વધુ કર્મચારીઓને મનપામાં પ્રતિ નિયુક્તી પર મુકવામાં આવશે. જ્યારે આ વિસ્તારમાં આઉટ સોર્સિંગના જે કર્મચારીઓ ફરજ બજાવે છે તેમને મનપામાં આઉટ સોર્સિંગના જ કર્મચારી તરીકે ફરજો બજાવવાની રહેશે તેમ હાલ મનાઈ રહ્યું છે.

શહેરની હદ વધતાં હવે શહેરના આરોગ્યતંત્રની સેવાઓનું પણ રિસ્ટ્રક્ચરીંગ કરવાનું થશે અને તે હાલ નહિ પણ મહામારીનો આ કપરો સમય પસાર થયા બાદ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. જો કે શહેરમાં નવા પાંચ તબીબો સહિત અન્ય કેટલાક સ્ટાફની ભરતી માટે અગાઉ જાહેર ખબર પ્રસિદ્ધ થઈ ચુકી છે જે ઉલ્લેખનીય છે.

ભાટ ટોલટેક્ષ પાસે જીપમાં બેઠેલા યુવકનું માથે લોખંડની એંગલ વાગતા મૃત્યુ

ગાંધીનગર, તા.૧૮

ભાટ ટોલટેક્ષ ખાતે સર્વિસ રોડ પર જીપની ઉપર સામાન પર બેઠેલા યુવકનું માથે લોખંડની એંગલ અથડાતા નીચે પડતા મોત થયું છે. મૂળ રાજસ્થાનના પ્રવિણ હરીરામ પ્રજાપતિ અમદાવાદ વિરાટનગર ઘનશ્યામ એસ્ટેટમાં ભોજનાલય ચલાવે છે. તેઓ અહીં જ પરિવાર સાથે રહે છે જેમાં તેમનો નાનો ભાઈ હિંમતલાલ પ્રજાપતિ કઠવાડા ભંગારની દુકાનમાં નોકરી કરતો હતો.

શનિવારે હિંમતલાલ તથા તેની સાથે કામ કરતો જગદીશ કુંભાર જીપમાં સામાન ભરીને આવતા હતા. બંને જીપમાં સામાનની ઉપર બેઠેલા હતા, ત્યારે ભાટ ટોલટેક્ષ પાસે જીપના ચાલકે સર્વિસ રોડ પર લેતા લોખંડની એંગલ બંનેના માથા પર અથડાઈ હતી. જેને પગલે હિંમતલાલ અને જગદીશ બંને નીચે પડી ગયા હતા. જેને પગલે બંનેને તાત્કાલિક અમદાવાદ સિવિલ ખાસે સારવાર માટે ખસેડાયા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે હિંમતલાલને મૃત જાહેર કર્યો હતો જ્યારે જગદીશને સારવાર માટે દાખલ કરાયો હતો. ઘટનાને પગલે મૃતકના ભાઈ પ્રવિણ પ્રજાપતિએ મોડી રાત્રે **GJ-01-DT-6788** નંબરના જીપ ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને જીપ ચાલકને ઝડપી લેવા તપાસ શરૂ કરી છે.

સરકાર કોરોનાને રોકવામાં નિષ્ફળ : આપ

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત સરકાર કોરોનાને રોકવામાં બિલકુલ નિષ્ફળ રહી છે, કોઈ જ પ્રકારનું આયોજન નથી જેના કારણે દર્દીઓને હોસ્પિટલમાં કોઈ સુવિધાઓ મળતી નથી, બેડની પણ વ્યવસ્થા નથી તેમજ ઈન્જેકશનમાં મોટો ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે તેવા આક્ષેપો સાથે આમ આદમી પાર્ટીએ રાજયમાં માત્ર વી.વી.આઈ. પી.અને ભાજપના માણસોને જ સુવિધાઓ મળી રહી છે જયારે આમ જનતા ખૂબ પરેશાન છે તેવું જણાવ્યું છે.

આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ ભેમાભાઈ ચૌધરીએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે સરકારની ઈચ્છાશક્તિ જ નથી એવું લાગે છે. ગુજરાત સરકાર ખુદ તેમના નેતાઓ દ્વારા ભ્રષ્ટાચાર ચલાવી રહી હોય તેવું દેખાઈ રહ્યું છે જ્યારે જનતા સારવાર માટે, બેડ માટે, ઈન્જેકશન માટે, ઓક્સિજન માટે આજીજી કરી રહી છે. આ સમયે ભાજપાના વચેટીયાઓ ખુલ્લે આમ કાળા બજારી કરી રહ્યા છે. આરોગ્ય મંત્રી ક્યાંય દેખતા નથી.

સરકારને વિનંતી છે કે ચાલી રહેલા ઈન્જેકશનના ગોટાળા બાબતે તપાસ કરી કાળા બજારીઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

FIGHT CORONA
M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ બંગલો ઓફીસ બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી
ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

માઉંતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com